દર સોમવારે બનાસકાંઠાથી પ્રસિદ્ધ થતું અસત્યનાઅંધકારને દૂર કરી સત્યનો પ્રકાશ પાથરતું દિલ ધડક સાપ્તાહિક

RNI.TITLE CODE:GUJGUJ18284
web site : www.Bharatniasmita.com

# ભારતની અસ્મિતા

BHARAT NI ASMITA WEEKLY

તંત્રી,માલિક,મુદ્રક,પ્રકાશક-:ગૌસ્વામી(બાવા) પ્રકાશભારથી વી.

મેનેજીંગ તંત્રી : રાજકમલસિંહ પરમાર

Owner,Publisher, Printer & Editor : BAVA PRAKASHBHARTHI VIRAMBHARTHI

સાપ્તાહિક

● Volume No. 01 ● Issue No.37● Date.23-12-2024 MONDAY ● Page :4 ●Price : Rs. 2.00/- ● Annual Subscription200/- ● Mo.94265 66606 email : Bharatniasmita@gmail.com

# ઓફીસ છોડીને ફિલ્ડ વિઝીટ કરો કોઈની રજૂઆત ગાંધીનગરના આવે ભૂપેન્દ્ર પટેલે લીધા કલેક્ટર-DDOના કલાસ.....!

## કલેક્ટર ડીડીઓની યોજાયેલી કોન્ફરન્સમાં મુખ્યમંત્રીનું મહત્વનું નિવેદન. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે કલેક્ટર ડીડીઓ કોન્ફરન્સમાં નૈતિકતા પર ભાર મુકવા કહ્યું. જિલ્લા કક્ષાએ થતી કામગીરીમાં કલેક્ટર ડીડીઓને પ્રામાણિકતા પર ભાર મુકવા આપી સૂચના









ગાંધીનગર

મુખ્યમંત્રી રાજ્યના જિલ્લા કલેકટરો અને જિલ્લા વિકાસ અધિકારીઓની એક દિવસીય સંયુક્ત પરિષદનો ગાંધીનગરમાં પ્રારંભ કરાવતા સંબોધન કરી રહ્યા હતા. જેમાં કલેકટર ડીડીઓ કોંફરન્સમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કલેકટર ડીડીઓના કલાસ લીધા હતા

અધિકારીઓને ઓફીસ છોડીને ફિલ્ડ વિઝીટ-લોકસંપર્ક કરવા ટકોર

અધિકારીઓને ઓફીસ છોડીને ફિલ્ડ વિઝીટ અને લોકસંપર્ક કરવા ટકોર કરી છે. એટલું જ નહીં, કોઈ જિલ્લાઓની રજુઆત ગાંધીનગર સુધી ન આવે તેવી કામગીરી કરવા મુખ્યમંત્રીએ જણાવ્યું છે. સરકારના પરિપત્રો-નિયમોનું જિલ્લાઓમાં અલગ-અલગ અર્થઘટન ન થાય તેની તાકિદ પણ મુખ્યમંત્રી દ્વારા કરવામાં આવી છે. ઝિરો ટોલરેન્સ અગેઈન્સ્ટ કરપ્શન પર ભાર મૂકવા સીએમે ટકોર કરી છે. પારદર્શિતા અને પ્રમાણિકતાથી લોકહિત કામો કરવા પણ કલેકટર અને ડીડીઓને મુખ્યમંત્રીએ સૂચના આપી છે.

જિલ્લાઓની રજુઆત ગાંધીનગર સુધી ન આવે તેવી કામગીરી કરો!

ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, જાહેર સેવક તરીકે જનતાની સેવા કરવી, તેની સમસ્યા-મુશ્કેલીઓ દૂર કરવી તે આપણું દાયિત્વ અને ફરજ બેય છે. આ માટે લોકસંપર્ક વધુ સુદ્રઢ બનાવવાની હિમાયત કરતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જિલ્લા અધિકારીઓને ફિલ્ડ વિઝીટ માટે તાકીદ કરી હતી. તેમણે જણાવ્યું કે, ફિલ્ડ વિઝીટમાં લોકોની રજૂઆતો- ફરિયાદો ધ્યાને આવે તેના નિવારણ માટેના ઉપાયો યોજવા સાથોસાથ જિલ્લાના અધિકારીઓ-કર્મચારીઓના વ્યવહાર વર્તનનો ફીડબેક મેળવી સુશાસનની દિશામાં વધુ સક્રિય થઈએ.

ઝિરો ટોલરેન્સ અગેઈન્સ્ટ કરપ્શન પર ભાર મૂકવા સીએમની ટકોર

ભૂપેન્દ્ર પટેલે એ લોક પ્રશ્નોના ત્વરિત નિરાકરણની તથા ઉચ્ચ કક્ષાથી લઈને સામાન્ય માનવીની રજૂઆતોના યોગ્ય જવાબ મળે તેવી સુદ્રઢ વ્યવસ્થા જિલ્લા સ્તરે જ ઊભી થાય અને 'સ્વાગત'માં આવવું જ ન પડે તેવી સ્થિતીનું નિર્માણ કરવા પણ કલેકટરો-વિકાસ અધિકારીઓને સ્પષ્ટ દિશાનિર્દેશ આપ્યા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે "ઝિરો ટોલરન્સ અગેઈન્સ્ટ કરપ્શન"નો નિર્ધાર દોહરાવતા કહ્યું કે વિકાસના રોલ મોડલ એવા આપણા ગુજરાતના વધુ ઉન્નત અને વૈશ્વિક વિકાસમાં આડે આવતું આ કરપ્શન ૧૦૦ ટકા દૂર કરવું જ પડે, નિંદામણ કરી નાખવું પડે એમ તેમણે માર્મિક ટકોર કરતા ઉમેર્યું હતું.

પારદર્શિતા અને પ્રમાણિકતાથી લોકહિત કામો કરવા સૂચના

મુખ્યમંત્રીએ સ્પષ્ટ કહ્યું કે, સરકારના પરિપત્રો નિયમોનું અલગ અલગ અર્થઘટન જિલ્લાઓમાં થવું ન જોઈએ જો કોઈ કામ નિયમાનુસાર ન થાય તેવું હોય તો તેના સ્પષ્ટ કારણો જણાવી દેવા જોઈએ. આ અંગે તેમણે વધુમાં જણાવ્યું કે, વ્યવસ્થા સ્થાયી છે કોઈ વ્યક્તિ કે તેનું પદ સ્થાયી નથી, એટલે સેવાકાળ દરમિયાન જનહિતના કામો પારદર્શિતા અને ૧૦૦ ટકા પ્રમાણિકતાથી કરીને પદની ગરિમા-સ્ટેટસ ઊંચું લાવવાનો વિચાર જ પ્રાથમિકતા હોવો જોઈએ

વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતનો રોડ મેપ તૈયાર!

મહત્વનું છે કે ગુજરાત આજે વિકાસનું રોલ મોડલ અને ગ્રોથ એન્જિન બન્યું છે તેમાં જિલ્લાના વડા તરીકે કલેકટર-ડી.ડી.ઓ. અને તેમની ટીમનો મહત્વપૂર્ણ ફાળો છે તેમ મુખ્યમંત્રીએ સૌને એ માટે બિરદાવતા જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતનો રોડ મેપ તૈયાર થયેલો છે તેનાં સુચારુ અમલથી ૨૦૪૭ સુધીમાં વિકસિત ગુજરાત બને તેવી સંકલ્પના અને કાર્યદક્ષતા જિલ્લાની ટીમના વડાઓએ દાખવવાની છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આવી કલેકટર-ડી.ડી.ઓ. કોન્ફરન્સ જિલ્લાઓમાં કરવાનું પ્રેરક સૂચન કરતા કહ્યું કે આના પરિણામે જિલ્લાના સમગ્રતયા વિકાસથી રાજ્ય સરકાર અને અન્ય જિલ્લા અધિકારીઓ ભલિ ભાંતિ પરિચિત પણ થશે. આ એક દિવસીય પરિષદમાં મહેસુલ, પંચાયત અને ગ્રામ વિકાસ વિભાગની લોકોને સીધી સ્પર્શતી યોજનાઓમાં જિલ્લાઓની કામગીરીની સમીક્ષા હાથ ધરવામાં આવી હતી.

# "પર્યાવરણ બચાવો, કચ્છ બચવો" ના નારા સાથે યુથ કોંગ્રેસનો GHCL કંપનીની હેડ ઓફિસ સામે વિરોધ પ્રદર્શન.....!









● કેમિકલ પ્લાન્ટ સ્થાપવા થી પર્યાવરણ પર ખતરો ઊભો થશે, પશુપાલનના વ્યવસાય પર ગંભીર અસરો ઉભી થઈ શકે છે, દરિયાઈ કાંચબા, માછલી અને સમુદ્રમાં રહેતા અન્ય સજીવો પર જીવલેણ અસર થશેઃ ડૉ. ઉપેન્દ્રસિંહ જાડેજા

કચ્છ-માંડવીના બાડા ગામે ખાતે **GHCL** કંપની દ્વારા કેમિકલ પ્લાન્ટ સ્થાપના માટે જઈ રહી છે તેને લઈને અમદાવાદ ખાતે આવેલી તેની હેડ ઓફિસ સામે ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસ દ્વારા હરપાલસિંહ ચુડાસમાની વિશેષ ઉપસ્થિતીમાં વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. યુથ કોંગ્રેસે એવો આક્ષેપ કર્યો હતો કે આ કંપનીના લીધે પર્યાવરણ પર અને માનવ જીવન પર ગંભીર અસર થઈ શકે છે.

આ અંગે સ્થાનિક રહેવાસી ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસના મહામંત્રી ડૉ. ઉપેન્દ્રસિંહ જાડેજાએ કહ્યું હતું કે માંડવીના બાડા ગામ ખાતે કંપની દ્વારા સ્થાપવા માટે જઈ રહી તે સજીવો માટે ખૂબ જ નુકસાનકારક છે. સમુદ્ર માં છોડનારું પાણી સંપૂર્ણ શુદ્ધ હોતું નથી તેના લીધે તેમાં પ્રતિ લિટર એક હજાર સસ્પેન્ડેડ સોલિડ્સ હોવાની સંભવના રહેલી છે. સસ્પેન્ડેડ સોલિડસના લીધે પાણી દુધિયું થઈ જશે સમુદ્રમાં એફલ્યુએન્ટના નિકાલ થી સમુદ્રી જૈવ વૈવિધ્ય મરીન ઈકોલોજી પર સંભવિત અવળી અસરો થઈ શકે છે. સમુદ્રીય જીવ સૃષ્ટિ સુધી અસરો થશે એવું તેમણે જણાવ્યું હતું. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, કંપનીને પર્યાવરણ કલીયરન્સનું સર્ટીફીકેટ જે ખાનગી કંપની પ્રશિક્ષણથી આપવામાં આવ્યું છે તે શંકાના દાયરામાં છે. હાઈકોર્ટના નિવૃત્ત ચીફ જસ્ટીસના નેજા હેઠળ એક કમીટી બનાવી તપાસ કરવામાં આવે તેવી માંગણી વિરોધ પ્રદર્શનમાં કરવામાં આવી હતી. કચ્છ જીલ્લા જીવ દયા માટે પશુ, પ્રકૃતિની ચિંતા કરવામાં હંમેશા માટે અગ્રેસર છે અને આ પ્લાન્ટના કેમીકલ યુક્ત પાણી છોડવામાં આવશે ત્યારે જમીનને પણ ખુબ નુકસાન થશે સાથેસાથે વિદેશી કાચબા અને વિદેશી પક્ષીઓ કચ્છના માંડવી દરિયા કિનારે પ્રજનન કરવા આવતા હોય છે પરંતુ આવા કેમીકલ યુક્ત પાણીના લીધે તેના પર પણ ગંભિર અસર થઈ શકે છે. અંત્રે ઉલ્લેખનીય છે કે, વિદેશી કાચબા અને વિદેશી પક્ષીઓના પ્રજનન કરવા માટે ઓરિસ્સા અને કચ્છમાં આવેલ માંડવી દેશમાં માત્ર આ બે જ જગ્યા છે.વધુ તેઓ કહ્યું હતું કે કચ્છ-માંડવીના દરિયાઈ કિનારેના ય્ઉંઝ્ર કંપનીના પ્લાન્ટમાં સોડા-એશ જેવા પદાર્થનું ઉત્પાદન થશે જેને લઈને સમુદ્રી વિસ્તારમાં કાચબા, માછલીઓ પર પણ તેની ગંભીર અસરો થશે અને વનસ્પતિ પર પણ તેની અનેક અસરો થશે, તેના લીધે પર્યાવરણનું સંતુલન ખોરવાઈ જવાની સંભવના રહેલી છે. પર્યાવરણ વિનાશના ભોગે સ્વાર્થી વિકાસની કોઈ જરૂર નથી તેવું તેઓ જણાવ્યું હતું. વધુમાં તેઓ જણાવ્યું હતું રાષ્ટ્રીય પક્ષી મોર સહિતના પક્ષીઓ અને પ્રકૃતિનું નિકંદન થવાની સંભવના છે. બાડા ગામે માંડવીના દરિયા કિનારે દેશ વિદેશથી કાચબા સહિત અનેક પક્ષીઓ આવતા હોય છે, સમુદ્રકાંઠે લાખો યાયાવર પંખીઓ આવે છે ત્યારે અહિયાં પાલન્ટ સ્થાપશે ત્યારે શુદ્ધ હવા મળશે નહીં તેના લીધે પક્ષીઓ અને માનવ જીવન પર પણ તેની જીવલેણ અસરો થશે તેને લઈને ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસે વિરોધ પ્રદર્શન કર્યુ હતું. આ વિરોધ પ્રદર્શન કાર્યક્રમમાં એન.એસ.યુ. આઈ.ના પ્રદેશ પ્રમુખ નરેન્દ્ર સોલંકી, ગુજરાત પ્રદેશ યુથ કોંગ્રેસના મહામંત્રી ડૉ. પ્રવિણસિંહ વણોલ, અંજલી ગોર, મુકેશ આંજણા, કચ્છ જીલ્લા યુથ કોંગ્રેસના પ્રમુખ નિતેષ લાલન, અમદાવાદ શહેર યુથ કોંગ્રેસના પ્રમુખ વિશાલસિંહ ગુર્જર, કાર્યકારી પ્રમુખ ઈમરાન શેઠજી તેમજ યુવા કોંગ્રેસના હોદેદારો મોટી સંખ્યામા જોડાયા હતા.

# સાબરકાંઠા જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ






સાબરકાંઠા જિલ્લા સંકલન અને ફરીયાદ સમિતિની બેઠક જિલ્લા કલેકટર શ્રી ડો. રતનકંવર ગઢવીચારણની અધ્યક્ષતામાં કલેકટર કચેરી, હિંમતનગર ખાતે યોજાઇ હતી.

સાબરકાંઠા જિલ્લા સાંસદ શ્રીમતી શોભનાબેન બારૈયા સંકલન બેઠકમાં શિક્ષણ અંગે પ્રશ્નો રજૂ કર્યા હતા. રાજ્યસભા સાંસદ શ્રીમતી રમિલાબેન બારાએ આદિજાતી વિસ્તારનામાં શાળાના ઓરડા, રોડ રસ્તા, જ્યોતિગ્રામ, પરા વિસ્તારમાં વીજળીકરણ, ધરતી આંબા અભિયાન અંતર્ગત વીજળીકરણ જમીન, ખુલ્લા બોરવેલ બંધ કરવા અંગે પ્રશ્નો રજુ કર્યા હતા. હિંમતનગર ધારાસભ્ય શ્રી વી.ડી ઝાલાએ તાલુકામાં ઈ. કે. વાય. સી. અંગે, શહેરમાં ઓવર બ્રિજ, ટ્રાફિકની સમસ્યા, નગરપાલીકા વિસ્તારમાં ગટરવ્યવસ્થા, શહેરના રસ્તા, ખેડૂતોના પ્રશ્નો , સોલાર યોજના અંગે, જનહિતને સ્પર્શતા પ્રશ્નો રજૂ કર્યા હતા. જેનો સંબંધિત અધિકારીઓએ જવાબ આપ્યા હતા.ખેડબ્રહ્મા ધારાસભ્ય શ્રી તુષાર ચૌધરીએ આ બેઠકમાં ખેડબ્રહ્મા ખાતે સી.સી રોડ રસ્તા, સ્ટેટ હાઈવે વિકાસ, પાણી, વીજળી, શિક્ષણ સંકુલમાં કિચન શેડ નિર્માણ તેમજ ગ્રામ્ય વિસ્તારના રસ્તાઓ અંગે પ્રશ્નો રજુ કર્યા હતા. જિલ્લા કલેક્ટરશ્રી એ અમલીકરણ અધિકારીઓને એકબીજાના સંકલનમાં રહીને પ્રજાલક્ષી કામો સત્વરે પૂર્ણ કરવા જણાવ્યું હતું. સામાન્ય જનતા દ્વારા પુછાતા પ્રશ્નો ના જવાબ સમય મર્યાદામાં આપવા, કચેરીઓની સફાઇ, આરોગ્ય સેવાઓ અને સરકારી લેણાની વસુલાત અંગેના પ્રશ્નો અંગે ચર્ચા કરી હતી. આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી ભારતીબેન પટેલ, જિલ્લા પોલીસ વડા વિજય પટેલ, નિવાસી અધિક કલેકટરશ્રી કે.એ.વાઘેલા, ગ્રામ વિકાસ એજન્સી નિયામક શ્રી પાટીદાર, તમામ પ્રાંતશ્રી સહિત અન્ય અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## તંત્રી સ્થાનેથી

# આઈ-ખેડૂત પોર્ટલ પર અત્યાર સુધીમાં ૬૦.૩૩ લાખથી વધુ ખેડૂતોએ યોજનાકીય સહાય માટે ૧.૪૨ કરોડથી વધુ અરજીઓ કરી


ગૌસ્વામી(બાવા) પ્રકાશભારથી વી
ભારતની અસ્મિતા સાપ્તાહીક

વર્ષ ૨૦૧૪થી અત્યાર સુધીમાં વિવિધ યોજના હેઠળ ૬૦.૩૩ લાખથી વધુ ખેડૂતોને કુલ રૂ. ૩૯૪૮ કરોડથી વધુની સહાય ચૂકવાઈ ભારતરત્ન અને દેશના પૂર્વ વડાપ્રધાન સ્વ. શ્રી અટલ બિહારી વાજપેયીના જન્મદિન નિમિત્તે દર વર્ષે તા. ૨૫ ડિસેમ્બરના રોજ "સુશાસન દિવસ" ઉજવવામાં આવે છે. ગુજરાતમાં તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતની વિકાસ યાત્રાને વેગવંતી બનાવવા રાજ્યમાં સુશાસનિક માળખાનો મજબૂત પાયો નાખ્યો હતો. આજે એ જ કાર્યપ્રણાલીને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ મક્કમતાથી આગળ ધપાવી રહ્યા છે.ગ્રામીણ વિસ્તારના નાગરિકોને લઘુત્તમ પ્રયત્નોથી સરકારની સેવા અને યોજનાકીય લાભો મહત્તમ રીતે મળી રહે એ જ સુશાસન છે. ગુજરાત સરકારે વર્ષ ૨૦૧૪માં શરૂ કરેલી આઈ-ખેડૂત પોર્ટલની સુદ્રઢ સુશાસનિક વ્યવસ્થા એ સુશાસનનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. ટેકનોલોજીના કાર્યક્ષમ ઉપયોગથી ખેડૂતોને સંપૂર્ણ પારદર્શિતા, સરળતા અને ઝડપથી વિવિધ કૃષિલક્ષી યોજનાના લાભ મળી રહે તે માટે રાજ્ય સરકારે આઈ-ખેડૂત પોર્ટલનો નવતર અભિગમ અપનાવ્યો હતો.આજે ગુજરાત સરકારની કૃષિ, બાગાયત, પશુપાલન અને મત્સ્યપાલન સંબંધિત તમામ યોજનાઓનો અમલ અને સહાય ચૂકવણું આઈ-ખેડૂત પોર્ટલના માધ્યમથી થઈ રહ્યો છે. પરિણામે ખેડૂતોને અનેક કૃષિલક્ષી યોજનાઓના લાભ ઘરે બેઠા, આંગળીના ટેરવે જ મળી રહ્યા છે. પોર્ટલ શરૂ થયું ત્યારથી અત્યાર સુધીમાં રાજ્યના ૬૦.૩૩ લાખથી વધુ ખેડૂતો દ્વારા વિવિધ યોજનાકીય લાભો મેળવવા માટે આઈ-ખેડૂત પોર્ટલ પર કુલ ૧.૪૨ કરોડથી વધુ અરજીઓ કરવામાં આવી છે. આટલું જ નહીં, આ ૬૦.૩૩ લાખ ખેડૂતોને અત્યાર સુધીમાં રાજ્ય સરકાર દ્વારા વિવિધ યોજના હેઠળ કુલ રૂ. ૩૯૪૮ કરોડથી વધુની સહાય ચૂકવવામાં આવી છે, એ પણ સીધી તેમના બેંક ખાતામાં. માત્ર વર્ષ ૨૦૨૩-૨૪માં જ આશરે ૨.૧૫ લાખ ખેડૂતોને વિવિધ યોજના હેઠળ કુલ રૂ. ૬૪૦ કરોડથી વધુની સહાય ચૂકવવામાં આવી છે. આટલી માતબર સંખ્યામાં ખેડૂતો દ્વારા કરવામાં આવતી ઓનલાઈન અરજીઓ જ આઈ-ખેડૂત પોર્ટલની સ્વીકૃતિ પૂરવાર કરે છે.શ્રી અટલ બિહારી વાજપેયીએ આપેલી સુશાસનની પ્રેરણાથી ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ "નીજજ **Government, More Governance**" ને મૂળ કાર્યમંત્ર બનાવી, ગુજરાતને દેશમાં વિકાસનું રોલ મોડલ બનાવ્યું છે. મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ આજે ગુજરાત સરકારે સુશાસનને તેની કાર્યસંસ્કૃતિમાં ઉતાર્યું છે અને નાનામાં નાના માનવીને કોઈ તકલીફ ના પડે તે માટે આઈ-ખેડૂત પોર્ટલ જેવી અનેક સુશાસનિક વ્યવસ્થાઓનું નિર્માણ કર્યું છે. ★આઈ-ખેડૂત પોર્ટલ દ્વારા ખેડૂતોને થતા લાભ- ખેડૂત પારદર્શક રીતે પોતાની મરજી મુજબ સરકારી યોજનાઓનો સીધો લાભ મેળવી શકે છે.ઓનલાઈન અરજી થતી હોવાથી ખેડૂત કોઈપણ અન્ય માધ્યમો ઉપર આધારીત રહેતો નથી.કોઈપણ સ્થળેથી ઈન્ટરનેટના માધ્યમથી સેવા મળતી હોવાથી સમય અને નાણાનો બચાવ થાય છે.ખેડૂત પોતાની અરજીનું ઓનલાઈન સ્ટેટસ જાણી શકે છે. સહાય હેઠળ આપવામાં આવતાં વિવિધ ઘટકોનાં માપદંડો નિયત કરેલા હોવાથી છેતરપીંડીનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી★આઈ-ખેડૂત પોર્ટલ પર ખેડૂતોને- ખેતીવાડી માટે જરૂરી બિયારણ, ખાતર તથા દવાઓનું વેચાણ કરતા સરકાર માન્ય વિક્રેતાઓની માહિતી મળે છે. - ખેત ઓજારો, ખેતી વિષયક ઈનપુટોની માન્ય કંપનીઓ, વિક્રેતાઓની માહિતી મળે છે.- ખેત ઓજારો તેમજ કૃષિ ઈનપુટોની સરકાર દ્વારા નક્કી થયેલી કિંમત સંબંધિત માહિતી મળે છે.- કૃષિ ધિરાણ આપનાર સંસ્થાઓની માહિતી મળે છે.- કૃષિ-બાગાયતી પાકોની તાંત્રિક માહિતી મળે છે.- પાકોનાં પ્રવર્તમાન બજારભાવ તથા હવામાન અંગેની માહિતી મળે છે.- ખેતીમાં મૂંઝવતા પ્રશ્નોનું સચોટ નિરાકરણ મળે છે.


## ભારતની અસ્મિતા

ભારતની અસ્મિતામાં પ્રસિધ્ધ થતાં તમામ લેખો, કોઈપણ જાતના પૂર્વગ્રહ કે દ્રેષબુધ્ધિ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશથી પ્રગટ કરવામાં આવે છે. કોઈને અન્યાય થયો છે તેવું લાગે તો ધ્યાન દોરવા અનુરોધ છે. જેથી યોગ્ય કરી શકાય. કોઈપણ જાતના વાદ વિવાદ, હિસાબ બાબતે, જાહેર ખબર, તકરાર કે કાનુની ગુંચ માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.

**બાવા પ્રકાશભારથી વીરમભારથી**
માલિક,મુદ્રક, પ્રકાશક અને તંત્રી

**કાર્યાલય**
ત્રણ હનુમાન રોડ, ઇન્દિરાનગર, ધુળિયાકોટ,
ઇચ્છાપુર્ણ હનુમાન મંદિરની પાછળ, ડીસા
મો.૯૪૨૬૫૬૬૬૦૬/૮૧૬૦૯૫૯૪૯૮


### પાલનપુર ખાનગી હોસ્પિટલની બેદરકારીથી મહિલાની પેશાબની બન્ને નળીઓ કપાઈ ગઈ

# સિવિલ હોસ્પિટલ ખાતે કિડનીની બન્ને નળીઓ રીપેર કરી પેશાબની થેલીમાં પ્રત્યારોપણ કરવાનું સફળ ઓપરેશન




પાલનપુર

બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાના ભાગળ ગામના ૪૫ વર્ષીય મહિલા દર્દીને ગર્ભાશયની કોથળીમાં સમસ્યા હોવાથી ખાનગી હોસ્પિટલમાં ગર્ભાશયમાં કેન્સરની ગાંઠ અંગેનું ઓપરેશન કરાવ્યું હતું. મહિલા દર્દીના સગા દ્વારા જણાવ્યા અનુસાર ઓપરેશન પછી તેમણે પેશાબ ના આવવો અને પેટ ફૂલી જવાની સમસ્યા સર્જાઈ હતી. ત્યારબાદ તેમણે બહારની ખાનગી હોસ્પિટલમાં સીટી-સ્કેન કરાવતા જાણવા મળ્યું હતું કે ઓપરેશન દરમિયાન બન્ને બાજુની કિડનીની પેશાબની (યુરેટર) નળી કપાઈ ગઈ હતી.ત્યારબાદ તેમણે ખાનગી હોસ્પિટલમાં તાત્કાલિક ધોરણે બન્ને બાજુની કિડનીમાં પીસીએન નળી નાંખવામાં આવી હતી. પરંતુ આ કાયમી ઉપાય ના હોવાથી દર્દીને બન્ને કિડનીની પેશાબની નળી કપાઈ ગઈ હતી. તે માટેનું ઓપરેશન સમજાવવામાં આવ્યું હતું પરંતુ દર્દીની આર્થિક પરિસ્થિતિ સારી ના હોવાને લીધે ખાનગી હોસ્પિટલમાં ઓપરેશન કરાવવું એ ગરીબ અને મધ્યમ પરિવારને પરવડે એમ ના હોવાથી પાલનપુર ખાતે આવેલી જનરલ સિવિલ હોસ્પિટલના સર્જરી વિભાગ ખાતે ગત ૧૪ નવેમ્બરના રોજ લવાયા હતા.

સિવિલ હોસ્પિટલ ખાતે તબીબો દ્વારા અગાઉના ખાનગી હોસ્પિટલના રિપોર્ટ તપાસ કર્યા બાદ જનરલ સિવિલ હોસ્પિટલ પાલનપુર ખાતે નવીન રિપોર્ટ કરવામાં આવ્યા હતા. જેમાં લોહીની તપાસ સીટીસ્કેન સહિતના રિપોર્ટ કરી અગાઉ ખાનગી હોસ્પિટલ ખાતે કરવામાં આવેલા ઓપરેશનમાં મહિલા દર્દીને કિડનીની બન્ને બાજુની નળીઓ કપાઈ ગઈ હોવાનું સિવિલ હોસ્પિટલ ખાતે કરવામાં આવેલા સીટીસ્કેન દરમિયાન પણ સામે આવ્યું હતું.દૂરબીનથી તપાસ કરતાં જાણવા મળ્યું હતું કે કિડનીની બંને નળી (યુરેટર) સંકોચાઈ ગઈ હતી અને તેમાં રહેલા કાપેલા અડધા ડીજેસ્ટેટના ટુકડા ઉપરની બાજુ સરકી ગયા હતા.

આ બાબતની પરિવારને જાણ કરી પેશાબ માટે બન્ને બાજુની કિડનીમાં નળી(ડીજેસ્ટેટ) નાંખી મહિલા દર્દીને તૂટી ગયેલી બન્ને નળીઓનું જોડાણ પેશાબની થેલીમાં કરવાની ફરજ પડતાં યુરોલોજી વિભાગના હેડ ડૉ. સુનિલભાઈ જોશી તેમજ તેમની ટીમના ડૉ. સમીર મરેડિયા,ડૉ. અમૃત ચૌધરી ડૉ. અઈમાન પાયલા તેમજ એનેસ્થેસિયા ડૉક્ટર સહિતની ટીમ દ્વારા ત્રણ કલાકની ભારે જેહમત બાદ કપાયલી કિડનીની બન્ને નળીનું જોડાણ કરવામાં આવતા દર્દીને પીડામાંથી મુક્તિ મળતા મહિલા દર્દીએ હાશકારો અનુભવ્યો હતો. પરિવારે સિવિલ હોસ્પિટલ પરિવાર તેમજ નર્સિંગ સ્ટાફનો આભાર વ્યકત કર્યો હતો.જનરલ સિવિલ હોસ્પિટલ પાલનપુર ખાતે બનાસના સાડા પાંચ લાખ પશુપાલકોના આર્થિક યોગદાન થકી નિર્માણ પામેલી પૂરા ભારત ભરની એકમાત્ર જનરલ સિવિલ હોસ્પિટલ પાલનપુર ખાતે મેડીસીન, સર્જીકલ ,ઈ.એન.ટી સ્કીન, ડેન્ટલ, ઓર્થોપેડિક સહિતના વિભાગોમાં ગુજરાત વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીના માર્ગદર્શન હેઠળ તેમજ જનરલ સિવિલ હોસ્પિટલ પાલનપુર અને મેડીકલ કોલેજના ચેરમેન પી.જે. ચૌધરીની દેખરેખ હેઠળ તમામ વિભાગોમાં ઉચ્ચકોટીની સારવાર સિવિલ હોસ્પિટલ પાલનપુર ખાતે આપવામાં આવી રહી છે.

# પાલનપુરના યુવકે રૂ. ત્રણ લાખ આપી લાવેલી લૂંટેરી દુલ્હન વોશરૂમ જવાના બ્હાને નાસી ગઈ



પાલનપુર

પાલનપુરના યુવકે રૂપિયા ત્રણ લાખ આપી અમદાવાદના ઓઢવ વિસ્તારની યુવતી સાથે મંદિરમાં ફુલહાર કર્યા હતા. દરમિયાન બંને જણાં બાઈક ઉપર વડગામ તાલુકાના સેભર ગોગ દર્શન કરવા જતા હતા. ત્યારે રસ્તામાં થલવાડા ગામ નજીક વોશરૂમ કરવાના બ્હાને યુવતી નાસી ગઈ હતી. અને સ્થાનિકના ઘરમાં સંતાઈ હતી. જ્યાંથી તેણીને છાપી પોલીસ મથકે સોંપવામાં આવી હતી. આ અંગે પોતાની સાથે છેતરપીંડી આચરનારા બે વચેટીયા અને લૂંટેરી દુલ્હન સામે છાપી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.પાલનપુર તાલુકાના ભાગળ (જગાણા) ના હાલ પાલનપુર તાજપુરા રોડ વિસ્તારમાં રહેતા વિજયભાઈ ધર્માભાઈ સોલંકી (ઉ.વ.૩૩)ના લગ્ન કરવાના હોઈ છોકરી શોધવા માટે પીલુચા ગામે રહેતી તેમની મોટી બહેનને કહ્યુ હતુ. તેણીએ પાલનપુર ધનિયાણા ચોકડી વિસ્તારમાં રહેતા બાબુભાઈ ઠાકોરને વાત કરી હતી. આથી બાબુભાઈએ અમદાવાદના રમેશભાઈ પટેલ સાથે મળી અમદાવાદના ઓઢવ વિસ્તારમાં દર્શનપાર્ક સોસાયટીમાં રહેતી ભાવનાબેન બળદેવભાઈ બારોટને ડીસા લઈ આવ્યા હતા. જ્યાં હોટલમાં વિજયભાઈ અને ભાવનાબેન તારીખ ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૪ના દિવસે મળ્યા હતા. અને એકબીજાને પસંદ કરી સગાઈ કરવાનું નક્કી કરાયું હતુ. જોકે, બાબુભાઈએ રૂપિયા ત્રણ લાખની માંગણી કરી હતી. જ્યાં પ્રથમ રૂપિયા ૫૦,૦૦૦ ભાવનાબેનના ખાતામાં ટ્રાન્સફર કર્યા હતા. બાકીના રૂપિયા ૨,૫૦,૦૦૦ રમેશભાઈ અને બાબુભાઈને આપી બંને જણાંએ ડીસા રાજપુર રોડ ઉપર આવેલા મંદિરમાં ફુલહાર કર્યા હતા. અને પાલનપુર તેમના રૂમ ઉપર આવ્યા હતા. જ્યાંથી ૧૮ સપ્ટેમ્બર ૨૦૨૪ના દિવસે વહેલી સવારે બાઈક ઉપર વડગામ તાલુકાના સેભરગોગ મહરાજના દર્શને જવા નીકળ્યા હતા. જોકે, રસ્તો ભૂલી જતાં થલવાડા ગામે જતા રહ્યા હતા. જ્યાં ભાવના બારોટે વોશરૂમ જવાનું કહી નજીક રહેતા સ્થાનિકના ઘરે સંતાઈ ગઈ હતી. અડધો કલાક સુધી પરત ન આવતાં વિજયભાઈ શોધતા શોધતા ત્યાં પહોંચ્યા હતા. જોકે, પતિ સાથે આવવાની ના પાડતી હોઈ સ્થાનિક લોકોએ છાપી પોલીસને સોંપી દીધી હતી. જે પછી વિજયભાઈએ વિજયભાઈને ફોન કર્યો હતો. જોકે, તેણે વ્યવસ્થિત વાત કરી ન હતી. અને આજદિન સુધી રૂપિયા ૩ લાખ પણ પરત ન આપતાં આખરે વિજયભાઈએ પતિ અને બંને વચેટીયાઓ સામે છાપી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

**પોલીસે ભાવના બારોટને સખીવન સ્ટોપ સેન્ટરમાં મોકલી**

**થલવાડામાં વોશરૂમ જવાના બ્હાને સ્થાનિકના ઘરે સંતાયેલી ભાવના બારોટને છાપી પોલીસ મથકે સોંપવામાં આવી હતી. જ્યાંથી પોલીસે તેણીને પાલનપુર સખીવન સ્ટોપ સેન્ટરમાં મોકલી આપી હતી.**

# ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના અધ્યક્ષ ધર્મિષ્ઠાબેન ગજજરે બનાસકાંઠા જિલ્લાની મુલાકાત લીધી






પાલનપુર

ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના અધ્યક્ષ ધર્મિષ્ઠાબેન ગજજરે આજે બનાસકાંઠા જિલ્લાની મુલાકાત લીધી હતી. જે અંતર્ગત જિલ્લાના બાળ અધિકાર સંબંધિત તમામ કચેરીઓના અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક તેમજ જુવેનાઈલ એકટ હેઠળની સંસ્થાઓ તથા બાળકો સંબંધિત સરકારી સંસ્થાઓની મલાકાત પણ લીધી હતી.

જિલ્લા કલેકટર મિહિર પટેલ સાથે જિલ્લાની મુલાકાતે આવેલા ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના અધ્યક્ષ ધર્મિષ્ઠાબેન ગજજરે કલેક્ટર કચેરી, પાલનપુર ખાતે સબંધિત અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. આ સમીક્ષા બેઠકમાં જિલ્લાના વિવિધ વિભાગોની મીટીંગ અને પ્રેઝન્ટેશન રજૂ કરાયું હતું. આ તકે તેમણે જણાવ્યું હતું કે, બાળકોને સ્વસ્થ, સુરક્ષિત અને તંદુરસ્ત વાતાવરણ મળે તેવા સૌ સહિયારા પ્રયત્નો કરવા જોઈએ.આ બેઠકમાં અધ્યક્ષે આરોગ્ય, શિક્ષણ, સંકલિત બાળ વિકાસ યોજના ,જિલ્લા શ્રમ આયુક્ત અધિકારી, જિલ્લા બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી તેમજ સમાજ સુરક્ષા અધિકારી, જિલ્લા પુરવઠા અધિકારી, જિલ્લા શિક્ષણ અધિકારી વગેરે બાળ અને મહિલા વિભાગ સાથે સંકળાયેલ વિવિધ કચેરીઓની કામગીરીની માહિતી મેળવી હતી તેમજ સર્વ અધિકારીઓને વિવિધ સૂચનો કર્યા હતા.અધ્યક્ષે આ તકે બાળકોના હિતને ધ્યાને લઈ બાળકોને મળતા અધિકારો અને રક્ષણના કાયદા સંદર્ભે અનુરોધ કર્યો હતો કે બનતો પ્રયત્ન કરીએ કે બાળકોને શ્રેષ્ઠ જીવન ધોરણ અને વાતાવરણ ઉપલબ્ધ કરાવી શકીએ.આ સાથે તેમણે આશ્રમશાળા, વિરપુર, આંગણવાડી કેન્દ્ર ધનિયાણા ચોકડી, દિવ્યાંગ બાળકોની શાળા, મમતા મંદિર, સખી વન સ્ટોપ સેન્ટર, કે.મા.ચોકસી સરકારી શાળા, સરકારી હોસ્પિટલ, બાળ સંભાળ ગૃહ ચિલ્ડ્રન હોમ,પાલનપુરની મુલાકાત લઈને સંબંધિત અધિકારીઓ તેમજ કર્મચારીઓ સાથે કામગીરીની માહિતી મેળવી હતી અને જરૂરી સૂચનો મેળવી બાળકો માટે હિતકારી કામગીરી કરવા માટે સૌને અનુરોધ કર્યો હતો. આ બેઠકમાં અધિક કલેકટર સી.પી.પટેલ સહિત સબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ભીલડી પંથકમાં રૂ. ૪.૮૦ લાખની વીજ ચોરી ઝડપાઈ

બુધવારના રોજ ૧૯ ખેડૂતોને સિંગલ ફેઝ વીજ ચોરી કરવા બદલે દંડ ફટકારવામાં આવ્યો હતો.એક જ માસમાં ત્રણ લાખ એંસી હજાર અને નવ લાખ અને ચાર લાખ એંસી હજારનો ઉપરાઉપરી દંડ ફટકારવામાં આવ્યો. ભીલડી પંથકમાં વીજ તંત્ર દ્વારા જુદી જુદી ટીમો બનાવીને વીજચોરી મામલે ડ્રાઈવ યોજવામાં આવી હતી.જેમાં બુધવારે ૧૯ ખેડૂતોને વીજચોરી કરવા બદલ દંડ ફટકારી કુલ ૪.૮૦ લાખની વીજ ચોરી ઝડપી લેવામાં આવી હતી.

જેથી પંથકના વીજચોરોમાં ફફડાટ ફેલાયો હતો.બુધવારના રોજ ભીલડી ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા વીજ ચોરી પકડવા માટે ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. જેમાં અલગ અલગ પાંચ ટીમો બનાવીને ભીલડી પંથકના જુદા જુદા ગામડાઓમાં ખેડૂતોના સિંગલ ફેઝના વીજ કનેક્શનો ચેક કરતા ૧૯ ખેડૂતોને રૂપિયા ૪.૮૦લાખનો દંડ ફટકારવામાં આવ્યો હતો. જ્યારે બુધવાર ના રોજ ભીલડી પંથકના ગામોમાં ગુજરાત વીજ કંપની દ્વારા વીજ ચોરી પકડવા માટેની ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. જેમાં અલગ અલગ ૮ ટીમો બનાવી ભીલડી પંથકના જુદા જુદા ગામડાઓમાં ખેડૂતને સિંગલફેઝના વીજ કનેક્શન ચેક કરતા ૧૯ ખેડૂતોના વીજ જોડાણોમાં વીજચોરી ઝડપાઈ હતી.જેના પગલે વીજચોરી કરતાં પકડાયેલાં ખેડૂતોને અંદાજે રૂપિયા રૂ. ૪.૮૦ લાખનો દંડ ફટકારવામાં આવ્યો હતો. આમ વીજ તંત્ર દ્વારા દરોડા પાડવામાં આવતા ખેડૂતોમાં ફફડાટ વ્યાપ્યો હતો.

# સમસ્ત પ્રજાપતિ સમાજ ગુજરાતના પાટણ જિલ્લામાં હોદ્દેદારોની નિમણુંક કરાઈ

પાટણ

સમસ્ત પ્રજાપતિ સમાજ ગુજરાતના પ્રમુખ અનિલ પ્રજાપતિ દ્વારા પ્રજાપતિ સમાજની વિકાસયાત્રામાં પ્રતિબદ્ધતા, લાગણી અને સમાજ સેવાના ઉત્તમ કાર્યને ધ્યાને લઈ સમસ્ત પ્રજાપતિ સમાજ ગુજરાતના પાટણ જિલ્લા પ્રમુખપદે શિક્ષક મનજીભાઈ આર.પ્રજાપતિ પાટણ,ઉપપ્રમુખ લક્ષ્મણભાઈ કે.પ્રજાપતિ (એલ.કે.) રાધનપુર, ઉપપ્રમુખ પ્રહલાદભાઈ બી. પ્રજાપતિ (ખારિયા પ્રા. શાળાના આચાર્ય) ઉણ,ઉપપ્રમુખ હરજીભાઈ એ. પ્રજાપતિ ગુંમડા મસ્જિદ પ્રા.શાળાના આચાર્ય) નાણાં, ઉપપ્રમુખ રૂગનાથભાઈ એ. પ્રજાપતિ સરિયદ, મહામંત્રી દલસુખભાઈ જે.પ્રજાપતિ પાટણ, મહામંત્રી અશ્વિનભાઈ એ. પ્રજાપતિ રાધનપુર, મંત્રી ડૉ. સુરેશભાઈ એન. ઓઝા (પ્રજાપતિ) રાધનપુર, મંત્રી નથુભાઈ એચ. પ્રજાપતિ રાધનપુર, સંગઠન મંત્રી સુરેશભાઈ સી. પ્રજાપતિ પાટણ, સંગઠન મંત્રી હરેશભાઈ એમ. પ્રજાપતિ પાટણ, સહમંત્રી દેવરામભાઈ જી. પ્રજાપતિ રાધનપુરની વરણી કરવામાં આવતા સગા સ્નેહીજનો, સામાજિક-રાજકીય આગેવાનો સહીત પ્રજાપતિ સમાજ નવ નિયુક્ત તમામ હોદ્દેદારોને અભિનંદનની વર્ષા વરસાવી રહ્યા છે.

# ડીસાના દેલાણીયાપુરામાં રૂપિયા ૯૯.૬૫ લાખના ખર્ચે ૫ રૂમનુ નિર્માણ થશે



ડીસા

ડીસા તાલુકામાં અનેક વિકાસના કામો થઈ રહ્યા છે ત્યારે મહત્વના કામોમાં પાણી, સ્વાસ્થ્ય અને શિક્ષણ ઉપર વિશેષ કરીને ભાર મૂકવામાં આવી રહ્યો છે. જેમાં ડીસા તાલુકામાં શિક્ષણ ક્ષેત્રે પાયાની સુવિધાઓ પ્રાપ્ત થાય તે દિશામાં ડીસાના ધારાસભ્ય સતત પ્રયત્નશીલ રહ્યા છે. વિવારે ધારાસભ્ય પ્રવીણ માળીના હસ્તે તાલુકાના દેલાણીયા પુરા ગામમાં આવેલી પ્રાથમિક શાળામાં પાંચ નવા ઓરડાઓનું ખાતમૂહર્ત કરવામાં આવ્યું હતું. રૂપિયા ૯૯.૬૫ લાખના ખર્ચે આ શાળામાં પાંચ રૂમનું નિર્માણ થશે. જે તૈયાર થતાં અહીં અભ્યાસ કરતા બાળકોની ભૌતિક સુવિધામાં વધારો થશે. દેલાણીયાપુરા ખાતે યોજાયેલા ખાતમુહૂર્ત પ્રસંગે શાસ્ત્રોક્ત વિધિથી પૂજા કરવામાં આવી હતી. આ પ્રસંગે ગામના સરપંચ, તમામ સમાજના આગેવાનો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે ડીસા વિધાનસભા મત વિસ્તારમાં આવેલી ૧૦ જેટલી માધ્યમિક શાળાઓમાં અગાઉ પણ સીએસઆર પ્રોજેક્ટ અંતર્ગત સ્માર્ટ બોર્ડ પણ આપવામાં આવ્યા હોવાનું જણાવ્યું હતું.

# સદભાવના ગ્રુપનો ભોજન રથ આમ જનતા માટે આશીર્વાદરૂપ રૂપ બન્યો



પાલનપુર

વર્ષોથી સેવામાં કાર્યરત એવા સદભાવના ગ્રપ ટ્રસ્ટ દ્વારા શરુ કરવામાં આવેલો ભોજન રથ આમ જનતા સામાહ્રન્ય નાગરિક માટે આશીર્વાદ રૂપ સાબિત થઈ રહ્યો છે. દરરોજ નિયમિત સમપર્ણ હોસ્પિટલ, ડોક્ટર હાઉસ અને જોરાવર પેલેસ વિસ્તારમાં એનકો લોકો કઢી-ખીચડીનું સ્વાદીષ્ઠ અને પૌષ્ટિક ભોજન પ્રેમથી જમી રહ્યા છે. ભોજન રથમાં ભોજન લેનારા લોકોએ કઢી-ખીચડી ખાધા બાદ ગુણવત્તા અને ભોજન રથની સ્વચ્છતાને બિરદાવી રહ્યા છે. ખાસ કરીને હોસ્પિટલમાં આવતા દર્દીઓ એમના સગાઓ અને જોરાવર પેલેસ સ્થિત સરકારી કચેરીમાં ગામડેથી પોતાના કામ અર્થે આવતા આમ નાગરિકો સદભાવના ગ્રુપ ટ્રસ્ટના ભોજન રથનો લાભ રહી રહ્યા છે.સદભાવના ગ્રુપ ટ્રસ્ટના ચેરમેન હરેશભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે,પોતાના જન્મદિનને સેવાદિન તરીકે લોકો ભોજન રથના માધ્યમથી જરૂરીયાતમંદને જમાડીને જન્મદિનની ઉજવણી કરી રહ્યા છે. એ ઉપરાંત પોતાના પરિવારમાં કોઈ સ્વજનની પુણ્યતિથિ નિમિતે પણ જરૂરીયાત મંદને ભોજન રથના માધ્યમથી ભોજન કરાવી રહ્યા છે.

# ભીલડીથી સોયલા રેલવે ફાટક પર ટ્રાફિકની સમસ્યા માથાના દુ:ખાવા સમાન : ઓવરબ્રિજ બનાવવાની માગ

## ઓવરબ્રિજ નહીં બને તો ૪૦ થી વધુ ગામના લોકો રેલ રોકો આંદોલનના મૂડમાં

ભીલડી

ભીલડીમાં ટ્રાફિક જામનો પ્રશ્ન માથાના દુઃખા સમાન બનતો જાય છે. જેમાં ભીલડીથી સોયલા રોડ પર ૪૦ થી વધારે ગામડા બંને તાલુકાના જોડતો રોડ તેમજ નાણીની રડાર પણ આજ રોડ પર આવેલી છે રેલવે ફાટક પર ટ્રાફિક સમસ્યા કાયમી બની ગઈ છે. આ ફાટક દિવસમાં અનેક વખત બંધ થતું હોવાથી વાહનચાલકો મુશ્કેલી અનુભવી રહ્યા છે. ફાટક બંધ થાય ત્યારે વાહનો સામસામે ભીડાઈ જતા હોવાથી ફાટક ખુલે ત્યારબાદ પણ કલાકો સુધી ટ્રાફિકની સમસ્યા યથાવત રહેતી હોય છે. જેથી આ ફાટક



પર રેલવે ઓવરબ્રિજ બનાવવામાં આવે તેવી પ્રબળ માંગ ઊઠી છે.

સૂત્રોના જણાવ્યા મુજબ ભીલડી અને સોયલા વચ્ચે આવતી રેલવે ફાટક નંબર ૪૩ ટ્રાફિક સમસ્યા કાયમી માથાનો દુ:ખાવો બની ગઈ છે. પાલનપુર-ગાંધીધામ રેલવે બીજી પણ ત્રણ લાઈન પસાર થતી હોવાથી આ રેલવે લાઈન પેસેન્જર ટ્રેન અને માલવાહક ગાડીઓથી દિવસભર વ્યસ્ત હોવાના કારણે વારંવાર ફાટક બંધ થાય છે.

અમુક વખત તો ડબલ લાઈન આવે ત્યારે ૨૦ થી ૨૫ મિનિટ સુધી ફાટક બંધ રહે છે જ્યારે ફાટક બંધ થાય છે ત્યારે બંને તરફ વાહનો લાંબી લાઈનો લાગી જાય છે. કે જેથી રોંગ સાઈડમાં આવેલા વાહનોના કારણે ફાટક ખુલે ત્યારે પણ વાહન નીકળવાની જગ્યા રહેતી નથી. જેના કારણે ફાટક ખુલ્યા બાદ પણ કલાકો સુધી ટ્રાફિકજામ રહે છે. અનેક વખત દર્દીઓને લઈ જતી એમ્બ્યુલન્સ પણ ફસાઈ જાય છે. ફાટક પર રેલવે ઓવરબ્રિજ બનાવવાની લોકોની માંગ ઉઠવા પામી છે.

મોદીના કુવૈત પ્રવાસનો બીજો દિવસ

# કુવૈતના બાયાન પેલેસ ખાતે PM મોદીને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું, કુવૈતના અમીર શેખ અલ સબાહ પણ હાજર હતા



કુવૈત

PM મોદીના કુવૈત પ્રવાસનો આજે બીજો દિવસ છે. કુવૈતના બાયાન પેલેસ ખાતે આજે તેમને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. આ દરમિયાન કુવૈતના અમીર શેખ અલ સબાહ પણ હાજર હતા. પ્રથમ દિવસે તેમણે કુવૈતમાં ગલ્ફ સ્પીક લેબર કેમ્પની મુલાકાત લીધી હતી અને ભારતીય કામદારો સાથે વાતચીત કરી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કુવૈતમાં ગલ્ફ સ્પીક લેબર કેમ્પની મુલાકાત લીધી અને ભારતીય કામદારો સાથે વાતચીત કરી. આ દરમિયાન પીએમ મોદીએ કહ્યું કે, ભારતમાં સૌથી સસ્તો ડેટા (ઈન્ટરનેટ) છે અને જો આપણે દુનિયામાં અથવા તો ભારતમાં ક્યાંય પણ ઓનલાઈન વાત કરવા ઈચ્છીએ તો તેની કિંમત ઘણી ઓછી છે. જો તમે વીડિયો કોન્ફરન્સિંગ કરો છો તો પણ તેની કિંમત ઘણી ઓછી છે. લોકોને ઘણી સગવડ છે, તેઓ દરરોજ સાંજે વીડિયો કોન્ફરન્સ દ્વારા તેમના પરિવારના સભ્યો સાથે વાત કરી શકે છે. વડા પ્રધાને કહ્યું કે હું વિકસિત ભારત ૨૦૪૭ વિશે વાત કરું છું કારણ કે મારા દેશના મજૂર ભાઈઓ જેઓ આટલા દૂરના સ્થળોએ કામ કરવા આવ્યા છે તેઓ પણ વિચારે છે કે તેમના ગામમાં આંતરરાષ્ટ્રીય એરપોર્ટ કેવી રીતે બનાવવું. આ આકાંક્ષા મારા દેશની તાકાત છે. હું આખો દિવસ વિચારતો રહું છું કે આપણા ખેડૂતો કેટલી મહેનત કરે છે. આપણા મજૂરો કેટલી મહેનત કરે છે. જ્યારે હું આ બધા લોકોને મહેનત કરતા જોઉં છું ત્યારે મને લાગે છે કે જો તેઓ ૧૦ કલાક કામ કરે છે તો મારે પણ ૧૧ કલાક કામ કરવું જોઈએ. જો તેઓ ૧૧ કલાક કામ કરે છે તો મારે પણ ૧૨ કલાક કામ કરવું જોઈએ અને બીજું તમે તમારા પરિવાર માટે મહેનત કરો છો કે નહીં? હું મારા પરિવાર માટે પણ કામ કરું છું, મારા પરિવારમાં ૧૪૦ કરોડ લોકો છે, તેથી મારે થોડું વધારે કામ કરવું પડશે. પીએમ મોદીએ કહ્યું કે મારા માટે વિકાસનો અર્થ માત્ર સારા રસ્તા, સારા એરપોર્ટ, સારા રેલવે સ્ટેશન નથી. હું ઈચ્છું છું કે ગરીબમાં ગરીબના ઘરમાં પણ શૌચાલય હોવું જોઈએ. અમારું લક્ષ્ય ૧૧ કરોડ શૌચાલય બનાવવાનું છે. ગરીબોને કાયમી મકાનો હોવા જોઈએ. અત્યાર સુધીમાં ૪ કરોડ પાકાં મકાનો બનાવીને ગરીબોને આપવામાં આવ્યા છે,

તોલમાપ વિભાગ કુંભકર્ણની નિદ્રામાં

# વડગામની ગેસ એજન્સી દ્રારા નિયત કિંમત કરતા ગ્રાહકો પાસે વધુ વસુલતા હોવાની રાવ

, છાપી

બનાસકાંઠા જિલ્લાના તાલુકા મથક વડગામ ખાતે આવેલ ઘરેલુ ગેસ એજન્સી દ્રારા નિયત કિંમત કરતા રૂ.૫૦ કરતા વધારે લેતા લોકો માં રોષ જોવા મળી રહ્યો છે. આ બાબતે જાગૃત નાગરીકે જિલ્લા કલેકટર તેમજ તોલમાપ વિભાગને રજુઆત કરી કાયદેસરની કાર્યવાહી કરવા માંગ કરી હોવાનું જાણવા મળે છે.

તાલુકા મથક વડગામ ખાતે આવેલ ગેસ એજન્સીના સંચાલકો સામે ગેસ ધારકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ત્યારે એક જાગૃત નાગરિકે જણાવ્યું હતું કે છેલ્લા બે ત્રણ મહિનાથી તાલુકાના અનેક ગામોમાં



ગેસની ડિલિવરી સમયસર મળતી નથી અને ગેસ સિલિન્ડરની નિયત કિંમત રૂ. ૮૨૦ ની જગ્યા એ રૂ. ૮૫૦ થી વધારે ખુલ્લેઆમ લઈ કાલાબજાર કરવામાં આવી રહ્યા છે. આ બાબતે ગેસ એજન્સીના સંચાલકો દ્રારા બનાસકાંઠા પુરવઠા વિભાગ તેમજ તોલમાપ વિભાગની ઉપેક્ષા કરવામાં આવી રહી છે.

જ્યારે વધુમાં જાણવા મળતી માહિતી મુજબ સિલિન્ડરમાં પૂરતો ગેસ આવતો નથી અને વજન પણ કરી આપવામાં આવતો તેમ કહી સિલિન્ડરમાં ગેસ ઓછો આવતો હોવાનો આક્ષેપ કર્યો હતો. છેલ્લા ઘણા સમયથી વડગામની ગેસ એજન્સી વિવાદોમાં રહેતા અરજદારે સંબધિત અધિકારીઓને લેખિત અરજી કરી તાત્કાલિક તપાસ કરી યોગ્ય કરવા રજુઆત કરી હોવાનું જાણવા મળે છે.

# છાપી વેપારી મંડળની ૧૪ સાધારણ સભા યોજાઈ

છાપી

છાપી વેપારી મંડળ ની ૧૪ મી વાર્ષિક સાધરણ સભા રવિવારે વેપારી મંડળના પ્રમુખ સુરેશભાઈ અગ્રવાલની અધ્યક્ષતામાં પંચાલ ફાર્મ ખાતે યોજાઈ હતી.જેમાં મુખ્ય મહેમાન તરીકે વડગામ તાલુકા ખરીદ વેચાણ સંઘના ચેરમેન કેશરભાઈ ચૌધરી, ઉદ્યોગપતિ વસંતભાઈ પંચાલ, છાપી દૂધ મંડળીના ચેરમેન પચાંણભાઈ ચૌધરી વિશેષ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપી પ્રોત્સાહીત કર્યા હતા. મંત્રી મહેશભાઈ મોદી એ વર્ષ ૨૦૨૩/૨૦૨૪ના હિસાબો રજૂ કર્યા હતા. જેને ઉપસ્થિત સભ્યો એ સર્વાનુમતે મંજુર કર્યા હતા. સંઘના ચેરમેન કેશરભાઈ ચૌધરીએ વેપારી મંડળની કાર્યશૈલીને બિરદાવી પ્રોત્સાહિત કર્યા હતા. મંડળ દ્વારા



તમામ સભ્યોને ગિફ્ટ આપવામાં આવી હતી. આ પ્રસંગે વેપારીઓને મુંઝવતા પ્રશ્નોને લઈ પ્રમુખ દ્વારા વિસ્તારથી ચર્ચા કરી માહિતગાર કરવા સાથે વિભાજનકારીઓને પણ આડે હાથ લીધા હતા. દાતા વસંતભાઈ પંચાલ અને વિજયભાઈ ચૌધરીનું શાલ ઓઢાડી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. સભામાં ઉપપ્રમુખ રફીકભાઈ મેમન, શાંતિલાલ મહેશ્વરી, મહંમદભાઈ બગા, દિલીપભાઈ બારોટ, રાજુભાઈ સોની પૂર્વ પ્રમુખ મુકેશભાઈ ચૌધરી સહિત કારોબારી સભ્યો તેમજ મંડળના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# અંબાજીમાં કોંગ્રેસના પૂતળા દહન કાર્યક્રમનો ફિયાસ્કો : કોંગ્રેસ કાર્યકર્તાઓ પૂતળું બાળે તે પહેલાં જ અટકાયત

અંબાજી

દેશના ગૃહમંત્રી અમિત શાહ દ્વારા સંસદમાં આપેલા બાબા સાહેબ આંબેડકરના નિવેદનને લઈને ભારી વિરોધ સર્જાઈ રહ્યો છે. ત્યારે દેશભરમાં વિપક્ષ ઠેર ઠેર જગ્યાએ ગૃહમંત્રી અમિત શાહનો વિરોધ દર્શાવી રહી છે. ત્યારે દાંતા કોંગ્રેસ સમિતિ દ્વારા યાત્રાધામ અંબાજી ખાતે વિરોધ પ્રદર્શનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આજે આ કોંગ્રેસના પૂતળા દહન કાર્યક્રમનો ફિયાસ્કો થયો છે. અંબાજી ૫૧ શક્તિપીઠ સર્કલ પર અમિત શાહના પૂતળા દહનનો કાર્યક્રમ યોજાવાનો હતો.આ વિરોદ્ધ પ્રદર્શન અને પૂતળા દહન કાર્યક્રમમાં મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકર્તાઓ અને હોદ્દેદારો અંબાજી ખાતે પહોંચ્યા હતા. આ પ્રકારના વિરોધ પ્રદર્શન અને પૂતળા દહનના કાર્યક્રમને જોઈ પોલીસ તંત્ર દ્વારા તેમને રોકવામાં માટે





તૈયારીઓ કરવામાં આવી હતી. ડીવાય એસપી, પીઆઈ, પીએસઆઈ સહિત પોલીસ કાફલો મોટી સંખ્યામાં અંબાજીના ૫૧ શક્તિપીઠ સર્કલ પર આવ્યો હતો. જગ્યા જગ્યા પર પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. તો સાથે સાથે કોંગ્રેસ કાર્યકર્તાઓ પૂતળું બાળે તે પહેલાં જ તેમની અટકાયત પોલીસ દ્વારા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમા પહોંચેલા દાંતા કોંગ્રેસના ધારાસભ્ય કાંતિ ખરાડીની પણ અટકાયત કરવામાં આવી હતી. કોંગ્રેસ કાર્યકર્તાઓ દ્વારા ભાજપ વિરુદ્ધ સૂત્રો પોકારવામા આવ્યા હતા. બાબા સાહેબ આંબેડકર તુમ આગે બઢો નારા પણ લગાવવામાં આવ્યા હતા.

# ફતેપુરા ગામે ઠાકોર સેનાનું સંમેલનમાં શિક્ષણ સંસ્થા માટે એક કરોડના દાનની અલ્પેશ ઠાકોરની જાહેરાત





પાલનપુર

બનાસકાંઠાના પાલનપુર તાલુકાના ફતેપુરા ગામે ભાજપ નેતા અને ઠાકોર સેનાના અધ્યક્ષ અલ્પેશ ઠાકોરની અધ્યક્ષતામાં ઠાકોરસેનાનું સંમેલન યોજાયું હતું. જેમાં વાવના ધારસભ્ય સ્વરૂપજી ઠાકોર સહિત મોટી સંખ્યામાં ઠાકોર સમાજના આગેવાનો અને લોકો ઉપસ્થિત રહ્યા. પાલનપુર તાલુકાના ફતેપુર ખાતે ઠાકોર સેનાનું સંમેલન યોજાયું હતું અને જેમાં અલ્પેશ ઠાકોર ઉપરાંત ઠાકોર સેનાના હોદ્દેદારો અને આગેવાનો જોડાયા હતા. ખાસ કરીને અલ્પેશ ઠાકોરે સમાજમાં નવા નેતા ઊભા થાય તેની પર ભાર મૂક્યો હતો, ત્યારે આજના ક્ષત્રિય ઠાકોર સંમેલનમાં અલ્પેશ ઠાકોરે શિક્ષણ પર ભાર મૂક્યો હતો અને સમાજની શિક્ષણ સંસ્થા માટે એક કરોડનું દાન આપવાની પણ જાહેરાત કરી હતી.

# થરાદમાં નગરપાલિકાની ચૂંટણી પૂર્વે આયોજન માટે કોંગ્રેસની મહત્વની બેઠક





થરાદ

થરાદ નગરપાલિકાની ચૂંટણી આગામી દિવસોમાં આવનાર છે ત્યારે રાજકીય ગરમાવો હાલથી જોવા મળી રહ્યો છે.

ત્યારે થરાદ ખાતે કોંગ્રેસની બેઠક યોજાઈ હતી, જેમાં આવનાર નગરપાલિકાની ચૂંટણીલક્ષી ચર્ચાઓ કરવામાં આવી હતી. જેમાં સાંસદ ગેનીબેન ઠાકોરે જણાવ્યું હતું કે, હવે ટૂંક સમયમાં ચૂંટણીનું જાહેરનામું પ્રસિદ્ધ થશે

તો દરેક લોકોએ ફોર્મ ભરવા. ઉમેદવારોને અગાઉ કાગળ બાબતે ટકોર કરી હતી અને ચૂંટણી જીતવાની હાલક કરી હતી. આ કાર્યક્રમમાં બનાસકાંઠા સાંસદ ગેનીબેન ઠાકોરે કાર્યકર્તાઓને સંબોધીને જણાવ્યું હતું કે, થરાદ નગરપાલિકાની ચૂંટણી આવી રહી છે

ત્યારે, તમે બધા તો અનુભવી છો છતાં પણ કાગળો બાબતે આગોતરી તૈયારીઓ રાખવી જોઈએ જેથી કરીને ઉમેદવારોને કોઈ પ્રૉબ્લેમ ન થાય અને ઉમેદવારી નોંધાવી શકે. આ પ્રસંગે થરાદ યુથ કોંગ્રેસ સહિતના કાર્યકર્તાઓ સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.





ટી.બી હારશે... દેશ જીતશે...

# બનાસ એન.પી પ્લસ સંસ્થા દ્વારા ટી.બી/એચ.આઇ.વી પોજીટીવ લોકો માટે ઇનરવહીલ ક્લબ પાલનપુર સીટીના સહયોગથી ન્યુટ્રીશન કીટ વિતરણ અને જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન

ટી.બી મુક્ત ભારત અભિયાન અંતર્ગત બનાસ એન.પી પ્લસ સંસ્થા દ્વારા ટી.બી / એચ.આઇ.વી પોજીટીવ લોકો માટે ઇનરવહીલ ક્લબ પાલનપુર સીટીના સહયોગથી ન્યુટ્રીશન કીટ વિતરણ અને જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યો

" ચાલો સૌ સાથે મળીને ટી.બી ને હરાવીએ સમાજમાં સાચો સંદેશ અને માહિતી ફેલાવીએ ટી.બીના લાભાર્થી ને સમાનતા થી સ્વીકારીએ અને ટી.બી એલીમિનેશન તરફ આગળ વધીએ "આજ રોજ સિવિલ હોસ્પિટલ પાલનપુર ખાતે જિલ્લા ક્ષય વિભાગની સારવાર લેતા લાભાર્થી માટે અને જિલ્લા ક્ષય અધિકારી અને DPO DAPCU / DISHA ડો નયનભાઈ મકવાણા સાહેબના વિશેષ માર્ગદર્શનથી બનાસ એન.પી પ્લસ સંસ્થા★ સાથે જોડાયેલ પંદર ટી.બી ની સારવાર લેતા લાભાર્થીને પાલનપુર ની સેવાભાવી ઇનરવહીલ ક્લબ પાલનપુર સીટીના સહયોગી દાતા ના સહયોગથી ન્યુટ્રીશન કીટનું વિતરણ કરવામાં આવ્યું જેમાં એક કિલો ગોળ,પાંચસો ગ્રામ મગ,પાંચસો ગ્રામ ચણા,તેલ એક લીટર ખજૂર પેકેટ આપવામાં આવ્યો, જેમાં પંદર કીટ ના સહયોગી ઇનરવહીલ ક્લબ પાલનપુર સીટી ના સભ્ય દક્ષાબેન મહેશ્વરી ના ખાસ વિશેષ સહયોગ મળ્યો જેમાં ઇનરવીલ ક્લબ પાલનપુર સીટી ના સભ્ય પ્રેરણાબેન શાહ દ્વારા બાળકો માટે કાર્યરત પ્રોજેક્ટ પીપરમિન્ટ માટે ચોકલેટ આપવામાં આવી પ્રમુખશ્રી બીનાબેન વકીલ ના માધ્યમ થી કુલ પંદર કીટનું વિતરણ કરવામાં આવ્યું.

જે કાર્યક્રમમાં સહયોગી ઇનરવહીલ ક્લબ પાલનપુર સીટીના પ્રમુખ બીનાબેન વકીલ , દક્ષાબેન મહેશ્વરી, પ્રેરણાબેન શાહ સભ્યો ઇનરવહીલ ક્લબ પાલનપુર સીટી ખાસ હાજર રહ્યા હતા

અને જીવનમાં દવા સાથે ન્યુટ્રીશન ના મહત્વ સમજાવ્યું અને માર્ગદર્શન આપ્યું.

સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન અને સંકલન બનાસ એન પી પ્લસ ના સેક્રેટરી અને સમગ્ર પ્રોજેક્ટના પ્રોજેક્ટ મેનેજર નરેશભાઈ સોની દ્વારા કરવામાં આવ્યું સમગ્ર કાર્યક્રમ ને સફળ બનાવવા સમગ્ર પ્રોજેક્ટના કોમ્યુનિટી ફોર હેલ્થ લાઈઝનિંગ નવનીતભાઇ મકવાણા અને સંગીતાબેન કિરી અને સાથે સમગ્ર પ્રોજેક્ટના એમ એન્ડ ડી શ્રેયાબેન આંટીયા એ ભારે જહેમત ઉઠાવી સમગ્ર કાર્યક્રમને સફળ બનાવેલ

### ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ

# શંકરભાઈ ચૌધરીની ઉપસ્થિતિમાં સહકારીતા સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

## વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સહકારી સંસ્થાઓને આગળ લાવવા સહકાર મંત્રાલય બનાવ્યું : અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી

કાંકરેજ

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીની વિશેષ ઉપસ્થિતિમાં બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકાના નાણોટા ખાતે સહકારીતા પરિવાર દ્વારા સ્નેહમિલનનું આયોજન કરાયું હતું.

જેમાં જિલ્લાની અગ્રણી સહકારી બનાસ બેંકના નવનિયુક્ત ચેરમેન તથા વાઈસ ચેરમેનનો સત્કાર સમારંભ યોજાયો હતો. આ સત્કાર સમારંભમાં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ વિશેષ ઉપસ્થિત રહીને નવનિયુક્ત ચેરમેન ડાહ્યાભાઈ પીલિયાતર અને વાઈસ ચેરમેન કેશુભા પરમારને અભિનંદન પાઠવ્યા હતા.આ સ્નેહમિલન





કાર્યક્રમમાં વિધાનસભાના અધ્યક્ષએ જણાવ્યું હતું કે, સહકારી સંસ્થાઓ આગળ વધી શકે તે માટે આઝાદીના આટલા વર્ષો પછી દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ અલગ સહકાર મંત્રાલય બનાવ્યું છે. વડાપ્રધાને છેવાડાના ગામડાના વ્યક્તિની ચિંતા કરીને સહકાર મંત્રાલય ઊભું કર્યું છે. ગુજરાત સરકારે બનાસકાંઠા જિલ્લા માટે બજેટમાં ખાસ જોગવાઈઓ કરી છે. સૌને સાથે લઈને ચાલવાનો ભાવ અને પ્રજાના કલ્યાણ માટે તથા લોકોનું ભલું કરવા માટેનું માધ્યમ એ જ સહકારીતા છે. સહકાર થકી વધુમાં વધુ પ્રજાની સેવા કરી શકાય છે. સહકારીતા એ હોદ્દાનું નહીં પણ સેવા અને જવાબદારીનું માધ્યમ છે. તેમણે કહ્યું કે, બનાસકાંઠાના સહકાર વિભાગના આગેવાનો નિષ્ઠાથી પોતાની જવાબદારીઓ નિભાવે છે.

જેના થકી જ આજે જિલ્લામાં સહકારીતા વિભાગ મજબૂત બન્યું છે. અધ્યક્ષએ જણાવ્યું કે, જિલ્લાના નાગરિકોને કેન્દ્રબિંદુમાં રાખીને તેમના વિકાસ માટે વિવિધ હિતલક્ષી નિર્ણયો લઈને કામ કરવું જોઈએ. સહકારી આગેવાન તરીકે હંમેશા પ્રજાના હિતમાં નિર્ણય લેવા જોઈએ. પ્રજાના કલ્યાણ માટે હંમેશા પ્રમાણિકતા અને પુરુષાર્થ કરવો જોઈએ તેમ અધ્યક્ષએ જણાવ્યું હતું.

તેમણે સહકાર વિભાગને ટેકનોલોજી અને એ.આઈ.ના ફિલ્ડમા તથા ખેડૂતોને પોતાના પાકના વેલ્યુ એડીશન તરફ આગળ વધવા જણાવ્યું હતું. ડબનાસ ડેરી દ્વારા ગોબરનો ઉપયોગ કરીને ગેસ, ખાતર અને ખેડૂતોની આવક વધારવા તરફ કામ કર્યું છે. આગામી સમયમાં બનાસ ડેરી દ્વારા ગૌમૂત્રનું વેચાણ પણ કરવામાં આવશે. તેમણે બનાસ બેંકના ચેરમેન અને વાઈસ ચેરમેનને અભિનંદન પાઠવીને વધુમાં વધુ પ્રજાના કાર્યો કરવા જણાવ્યું હતું તથા બનાસ બેંકને નવીન દિશામાં લઈ જવા માટે નિયામક મંડળને સૂચન કર્યું હતું.

આ સ્નેહમિલન કાર્યક્રમમાં રાધનપુરના ધારાસભ્ય લવિંગજી ઠાકોર, વાવ ધારાસભ્ય સ્વરૂપજી ઠાકોર, બનાસબેંકના ચેરમેન ડાહ્યાભાઈ પીલિયાતર, વાઈસ ચેરમેન કેશુભા પરમાર, નિયામક મંડળના હોદ્દેદારો સહિત જિલ્લાના વિવિધ સહકારી વિભાગના આગેવાનો અને બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# બનાસકાંઠા જિલ્લા કલેક્ટર મિહિર પટેલની અધ્યક્ષતામાં જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ

### રોડ-રસ્તા, જમીન, સ્વચ્છતા, આરોગ્ય તથા વીજળી સહિતના પ્રશ્નો સત્વરે ઉકેલવા અધ્યક્ષ સ્થાનેથી સૂચનો કરાયા

પાલનપુર

બનાસકાંઠા જિલ્લા કલેક્ટર મિહિર પટેલની અધ્યક્ષતામાં આજરોજ કલેક્ટર કચેરી,મિટિંગ હોલ, પાલનપુર ખાતે જિલ્લાની સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ હતી.જેમાં સાંસદ અને ધારાસભ્યોએ વિવિધ વિભાગોને પૂછેલા પ્રશ્નો સંદર્ભે અધિકારીઓ દ્વારા આપેલ જવાબો પરત્વે ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લા કલેક્ટર દ્વારા મળેલ વિવિધ રજૂઆત બાબતે સંબધિત અધિકારીઓ પાસેથી રિવ્યૂ લઈ કામની પ્રગતિનો અહેવાલ ચકાસ્યો હતો.તેમજ જરૂરી સૂચના અને માર્ગદર્શન આપ્યું હતું. રોડ રસ્તા, ગટર, સ્વચ્છતા, આરોગ્ય, વીજળી, શિક્ષણ, જમીન સંપાદન, નેશનલ હાઈવે અને કેનાલ બાબતે આવેલ રજૂઆતો સંદર્ભે તમામ પ્રશ્નોના ઝડપી નિરાકરણ માટે જિલ્લા / તાલુકા અને ગ્રામ્ય કક્ષાએ સંબધિત વિભાગ અને અધિકારીઓ સાથે સંકલન કરી ઝડપી પૂર્ણ કરવા જણાવ્યું હતું. આ સાથે તકેદારી, પેન્શન વગેરે બાબતોએ ત્વરિત કામગીરી કરવા સૂચન કરાયા હતા. અધ્યક્ષસ્થાનેથી પ્રજાના પ્રશ્નોને તાકીદે ઉકેલવા તથા વિવિધ વિકાસ કામો સત્વરે પૂર્ણ કરવાની જિલ્લાના અમલીકરણ અધિકારીઓને સૂચન કરાયા હતા.બેઠકમાં સાંસદ ગેનીબેન ઠાકોર, ધારાસભ્ય સર્વશ્રી અનિકેતભાઈ ઠાકર, કેશાજી ચૌહાણ, કાંતિભાઈ ખરાડી, અમૃતજી ઠાકોર, માવજીભાઈ દેસાઈ દ્વારા લોકહિત



અને જન કલ્યાણના પ્રશ્નો સંદર્ભે કરાયેલી કાર્યવાહી અંગે સમીક્ષા કરાઈ હતી.આ બેઠકમાં ઈ.ચા જિલ્લા વિકાસ અધિકારી સી.પી.પટેલ, જિલ્લા પોલીસ અધિક્ષક અક્ષયરાજ મકવાણા,સર્વ પ્રાંત અધિકારીઓ સહિત જિલ્લાના અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ અંબાજી દ્વારા વર્ષ ૨૦૨૫નું કેલેન્ડર પ્રસારિત કરાયું

અંબાજી

લોકોને વિવિધ મેળાઓ, તહેવારો અને ખાસ દિવસોની માહિતી મળી રહે તે હેતુથી અંબાજી વહીવટદાર અને અધિક કલેક્ટર કૌશિક મોદીના વરદ હસ્તે શક્તિપીઠ અંબાજી મંદિરનું વર્ષ ૨૦૨૫ના કેલેન્ડરનું વિમોચન કરાયું હતું.

આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ અંબાજી દ્વારા વર્ષ ૨૦૨૫ના કેલેન્ડરમાં વર્ષ દરમિયાન ઉજવાતા વિવિધ તહેવારો, પુનમો, આઠમો વગેરેની વિસ્તૃત વિગત સામેલ કરવામાં આવી છે. આગામી સમયમાં મંદિર ટ્રસ્ટમાં ધાર્મિક થીમ ઉપર ડાયરી અને ટેબલ કેલેન્ડર વિતરણ માટે મૂકવામાં આવશે. અંબાજી મંદિરના ધાર્મિક વેચાણ કેન્દ્ર



**અંબાજી વહીવટદાર અને અધિક કલેક્ટર કૌશિક મોદીના વરદ હસ્તે શક્તિપીઠ અંબાજી મંદિરનું વર્ષ ૨૦૨૫ના કેલેન્ડરનું કરાયું વિમોચન**

ઉપર આ કેલેન્ડરનું વેચાણ કરવામાં આવી રહ્યું છે તથા શક્તિ દ્વારની બાજુમાં વી.આઈ.પી પ્લાઝા અને ગબ્બર ખાતે પણ આ કેલેન્ડરનું વેચાણ કરવામાં આવી રહ્યું છે. આજના આ વિમોચનમાં મંદિર ટ્રસ્ટના વહીવટદાર તથા મંદિર ટ્રસ્ટના એસ્ટેટ ઓફિસર પાયલબેન પટેલ અને ટ્રસ્ટના અન્ય અધિકારીઓ હાજર રહ્યા હતા.

# ઈડરમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા પ્રથમ વિશ્વ ધ્યાન દિવસની ઉજવણી કરાઈ





સમગ્ર દેશમાં ૨૧ ડિસેમ્બરની પ્રથમ વખત વિશ્વ ધ્યાન દિવસ તરીકેની ઉજવણી કરાઈ હતી. જે નિમિત્તે સાબરકાંઠાના ઈડર ખાતે વિશ્વ ધ્યાન દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતની સંસ્કૃતિને વિશ્વ ક્ષેત્રે ઉજાગર કરી છે. તેમના પ્રયાસોથી ભારત વિશ્વના નકશામાં ઉભરી આવ્યું છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ યોગની વિશેષને મહત્વ આપ્યું જે વિશ્વના અનેક દેશોએ સ્વીકાર્યું અને ૨૧ જૂનને વિશ્વ યોગ દિવસ તરીકે ઉજવવાની શરૂઆત કરવામાં આવી. આજે એવી જ રીતે ભારતીય સંસ્કૃતિનું મહત્વનું અંગ એવા ધ્યાનને પણ વિશ્વએ સ્વીકાર્યું અને ૨૧ ડિસેમ્બરને વિશ્વ ધ્યાન દિવસ તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે.૨૧ ડિસેમ્બરને વિશ્વ ધ્યાન દિવસ તરીકે ઉજવણી કરવાના ભાગરૂપે સમગ્ર દેશની સાથે ગુજરાત રાજ્યમાં પણ રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ અંતર્ગત ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા તમામ જિલ્લાઓમાં વિશ્વ ધ્યાન દિવસની ઉજવણીના ભાગરૂપે સાબરકાંઠામાં અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શહેરના અનેક ધ્યાન સાધકોએ ઉપસ્થિત રહી ધ્યાન ધર્યું હતું.

# જીવલેણ ગણાતી પ્રેસ સિન્ડ્રોમ નામની બીમારીની સારવાર સિવિલ હોસ્પિટલ ખાતે નીઃશુલ્ક કરાઇ

### પ્રસૂતિની પીડા ઊપડતાં સિવિલ હોસ્પિટલ ખાતે ખેંચની બીમારી તેમજ બેભાન અવસ્થામાં આવેલ માતાના ગર્ભમાં રહેલા બાળકના ધબકારા બંધ થતાં ઓપરેશન કરી જીવના જોખમ હેઠળ માતાને બચાવી લેવાઈ

પાલનપુર

શ્રી ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત પાલનપુર જનરલ સિવિલ હોસ્પિટલ ખાતે પાલનપુર તાલુકાના સામઢી ગામ ખાતે રહેતા ૨૦ વર્ષીય કિંજલબેનને પ્રસૂતિની પીડા ઊપડતાં ખેંચની બીમારી સાથે અર્ધબેભાન અવસ્થા સાથે પોતાના વાહન મારફતે જનરલ સિવિલ હોસ્પિટલ ના ઇમરજન્સી ટ્રોમા સેન્ટર ખાતે લવાયા હતા. ત્યાં ફરજ ઉપરના તબીબો દ્વારા જરૂરી દવાઓ કર્યા બાદ મહિલા ગર્ભવતી હોવાથી તાત્કાલિક પીએનસી વોર્ડ ખાતે દાખલ કરવામાં આવ્યા હતા. જેમાં પેટમાં દુખાવો તેમજ ખેંચની બીમારી હોવાથી ડોક્ટર સ્ટાફ દ્વારા કેશની ગંભીરતાને ધ્યાને રાખી માતાને વેન્ટિલેટર ઉપર રાખી સારવાર ચાલુ કરવામાં આવી હતી. જેમાં માતાના ગર્ભમાં રહેલા બાળકના ધબકારા ઓછા થતાં



તાત્કાલિક ડિલેવરી કરવામાં આવી હતી માતાની હાલત ખુબજ ગંભીર હોવાથી તાબડતોડ આઇસીયુ વોર્ડ ખાતે દાખલ કરી સઘન સારવાર ચાલુ કરવામાં આવી હતી. આ અંગે સિવિલ સુપ્રિટેન્ડેન્ટ ડો, સુનિલભાઈ જોશીની દેખરેખ હેઠળ તેમજ મેડિસિન વિભાગના ડો, નીરવ ચૌધરી ડો,આશિષ પટેલ તેમજ આઇસીયું સ્ટાફ દ્વારા માતાની તબિયત અત્યંત ખરાબ હોવાને લીધે સિવિલ હોસ્પિટલ ખાતે જરૂરી રિપોર્ટ કરવામાં આવ્યા હતા જેમાં સીબીએસ, એલએફટી, એચઆઈવી, થાઈરોઈડ એમઆર આઈ, સોનોગ્રાફી,એક્સરે સહિતના રિપોર્ટ કરવામાં આવ્યા હતા. એમઆરઆઈ દ્વારા જાણવા મળેલ કે પ્રેસ સિન્ડ્રોમ નામની જીવલેણ બીમારી થતાં ચાર દિવસ સુધી મહિલા દર્દીને વેન્ટિલેટર ઉપર રાખી જરૂરી દવાઓ ચાલુ રાખવામાં આવી હતી.આ એક પ્રકારની ગંભીર બીમારીમાં ગર્ભ અવસ્થામાં જ્યારે માતા હોય છે ત્યારે વધારે પડતાં બ્લડ પ્રેસરના લીધે મગજમાં સોજો આવવો આ એક પ્રકાની ગંભીર બીમારી ગણવામાં આવે છે. આના લીધે ખેચ તેમજ બેભાન થઈ થવું જેવી અનેક પ્રકારની બીમારીઓ ઘર કરી જતી હોય છે. પાલનપુર જનરલ સિવિલ હોસ્પિટલના ડોક્ટર સ્ટાફની સમય સૂચકતાના આધારે ઓપરેશન કરી ધબકારા બંધ થઈ ગયેલા બાળકને લઈ તબીબોએ માતાનો જીવ બચાવ્યો હતો.દસ દિવસની લાંબી સારવારના અંતે રજા આપવામાં આવતા પરિવારે હાશકારો અનુભવ્યો હતો.

પરિવારે સિવિલ હોસ્પિટલ પરિવાર તેમજ નર્સિંગ સ્ટાફનો આભાર વ્યકત કર્યો. જનરલ સિવિલ હોસ્પિટલ પાલનપુર ખાતે બનાસના સાડા પાંચ લાખ પશુપાલકોના આર્થિક યોગદાન થકી નિર્માણ પામેલી પૂરા ભારતભરની એકમાત્ર જનરલ સિવિલ હોસ્પિટલ પાલનપુર ખાતે મેડીસીન, સર્જીકલ ,ઈ.એન.ટી સ્કીન,ડેન્ટલ તેમજ ઓર્થોપેડિક સહિતના વિભાગોમાં મેડિકલ કોલેજના આદ્યસ્થાપક શ્રી શંકરભાઈ ચૌધરીના માર્ગદર્શન હેઠળ તેમજ જનરલ સિવિલ હોસ્પિટલ પાલનપુર અને મેડીકલ કોલેજના ચેરમેન શ્રી પી.જે. ચૌધરીની દેખરેખ હેઠળ તમામ વિભાગોમાં ઉચ્ચકોટીની સારવાર સિવિલ હોસ્પિટલ પાલનપુર ખાતે આપવામાં આવી રહી છે.

# ભેજાબાજો સરકારી યોજનાનો ગેરલાભ ઉઠાવી રહ્યા હોવાની માહિતી સામે આવી : તપાસમાં ઘટસ્ફોટ, ટોળકીનો પર્દાફાશ

અમદાવાદ,

ખ્યાતિકાંડની તપાસ કરી રહેલ ક્રાઈમ બ્રાંચ પોલીસે PMJAY કાર્ડ કૌભાંડ આચરનાર ટોળકીનો પર્દાફાશ કર્યો. રાજ્યમાં સરકાર PMJAY (આયુષ્યમાન ભારત) યોજના હેઠળ લોકોને મદદરૂપ બનવા પ્રયાસ કરી રહી છે. પરંતુ ભેજાબાજો સરકારી યોજનાનો ગેરલાભ ઉઠાવી રહ્યા હોવાની માહિતી સામે આવી. ખ્યાતિ હોસ્પિટલ કૌભાંડની તપાસ કરતી ક્રાઈમ બ્રાંચ પોલીસને વધુ એક ચોંકાવનારી માહિતી મળી. ખ્યાતિકાંડની તપાસ કરી રહેલ ક્રાઈમ બ્રાંચ પોલીસે PMJAY કાર્ડ કૌભાંડ આચરનાર ટોળકીનો પર્દાફાશ કર્યો. આ ટોળકીમાં અમદાવાદ, ભાવનગર, અને સુરત વિસ્તારના કુલ ૬ લોકો સામેલ છે. આ ૬ની ટોળકીએ પાત્રતા વગરના અનેક લોકોને ँસ્તન્નછરૂ યોજનામાં સમાવેશ કરી સરકારને ચુનો લગાડ્યો. કેન્દ્ર સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલ ँસ્તન્નછરૂ યોજનામાં કેટલાક નિયમો અને ધારાધોરણ નિશ્ચિત કરાયા છે. આર્થિક પછાત તેમજ ગરીબી રેખા નીચે હેઠળ રહેતા લોકો બીમારીમાં સારી સારવાર મેળવી શકે તેવા ઉદેશ્ય હેઠળ આ PMJAY યોજના શરૂ કરવામાં આવી. આથી જ આ યોજનાને લઈને સરકાર દ્વારા કેટલાક નિયમો નક્કી કરાયા છે. જે અંતર્ગત નિશ્ચિત આવકથી ઓછી આવક ધરાવતા લોકોને જ ँસ્તન્નછરૂ યોજનાનો લાભ આપવામાં આવે છે. પરંતુ પાત્રતા ના ધરાવતા લોકો પણ સરકારી યોજનાનો લાભ લેતા હોવાનો પર્દાફાશ થયો. ખ્યાતિકાંડની તપાસ કરી રહેલ ક્રાઈમ બ્રાંચ પોલીસના ધ્યાનમાં આવ્યું કે કેટલાક લોકો પોતાની આવક છુપાવીને PMJAY કાર્ડ કઢાવે છે. અને મોટી-મોટી હોસ્પિટલમાં સારવાર લે છે. રાજ્યના અમદાવાદ અને સુરત જેવા મહત્વના શહેરમાં વસતા લોકોએ એક ટોળકી બનાવી છે. આ ટોળકી દ્વારા કૌભાંડ રચાયુ છે. ૬ લોકોની આ ટોળકીએ અંદાજે ત્રણ હજારથી વધુ લોકોને ખોટી રીતે PMJAY કાર્ડ આપ્યું. આ લોકો બોગસ દસ્તાવેજના આંકડા રજૂ કરી કાર્ડ લીધું. પોલીસને શંકા છે કે આ કૌભાડમાં સરકારી બાબુઓની પણ સંડોવણી પણ હોઈ શકે. તેમજ ફક્ત ગુજરાત જ નહિ દેશમાં બીજા સ્થાનો પર પણ આ રીતે PMJAY કાર્ડનો દુરુપયોગ થતો હોવાની આશંકા છે.

# રાજ્યમાં 'સેવા સેતુ' કાર્યક્રમના કુલ ૧૦ તબક્કામાં ૩.૦૭ કરોડથી વધુ લાભાર્થીઓને લાભ અપાયા : ૯૯.૮૯ ટકા અરજીનો નિકાલ

ગાંધીનગર,

'સુશાસન'નું ઉત્તમ ઉદાહરણ એટલે ગુજરાતના ગ્રામીણ અને શેહરી વિસ્તારોમાં યોજવામાં આવતો 'સેવા સેતુ' કાર્યક્રમ. રાજ્યમાં સેવા સેતુ કાર્યક્રમના અત્યાર સુધી યોજયેલા કુલ ૧૦ તબક્કામાં અંદાજે ૩.૦૭ કરોડથી વધુ લાભાર્થીઓને લાભ આપીને સરકાર 'આપણા દ્વારે' મંત્રને સાચા અર્થમાં ચરિતાર્થ કર્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની સુશાસનની પરિપાટિ પર ગુજરાતમાં વર્ષ ૨૦૧૬થી 'સેવા સેતુ કાર્યક્રમ' શરૂ કરવામાં આવ્યો હતો. જેને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સફળતાપૂર્વક આગળ ધપાવી રહ્યા છે. આ કાર્યક્રમ અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા નાગરિકોના ઘર આંગણે જ વિવિધ પ્રકારની લોકોપયોગી યોજનાઓનો લાભ આપવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૬માં માત્ર ૨૩ સેવાઓથી શરૂ કરેલા આ કાર્યક્રમમાં હાલ ૧૩ જેટલા વિભાગની યોજનાઓનો સમાવેશ કરીને કુલ ૫૫ જેટલી સેવાઓનો લાભ છેવાડા નાગરિકો સુધી પહોચાડવામાં આવી રહ્યો છે. સેવા સેતુ કાર્યક્રમના કુલ ૧૦ તબક્કામાં ૩,૦૭,૬૩,૯૫૩ અરજીઓ મળી હતી, જે પૈકી ૩,૦૭,૩૦,૬૫૯ અરજીઓ એટલે કે, ૯૯.૮૯ ટકા અરજીઓનો સફળતાપૂર્વક નિકાલ કરવામાં આવ્યો છે.

Owner, Publisher,Printer and Editor : BAVA PRAKASHBHARTHI VIRAMBHARTHI, Place of Publication- INDIRANAGAR, DEESA, DHUDIYACOAT,BANASKANTHA, GUJARAT,385535, Printing Press at :SHREE MULTI COLOUR OFFSET PRINTING PRESS, 6-Shital Shopping Centre Citylight Road, Palanpur-385001, Dist. Banaskantha